For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# નાસીરનગર ડિમોલિશનમાં પાંચ સસ્પેન્ડ

**સસ્પેન્ડ** કરાયેલા અધિકારીઓમાં કાર્યપાલક ઈજનેર જયાંગ જીવણરામજીવાળા, સુજલ પ્રજાપતિનો સમાવેશ

**અન્ય** અધિકારીઓમાં ડે.ઈજનેર અર્પણ પરમાર, આસિ. ઈનેજર મોનિગ ગઢીયા અને જુનિ. ઈજનેર નરેશ ગલચરનો સમાવેશ

**તટસ્થ** તપાસ માટે સસ્પેન્ડ કરાયા, આજે હાઈકોર્ટમાં સુનાવણીમાં સુરત મનપા દ્વારા એક્શન ટેકન રિપોર્ટ રજૂ કરાશે

સુરત : છેલ્લા એક મહિનાથી શહેરમાં ભારે ચર્ચાનું કેન્દ્ર બનેલા વેડદરવાજાના નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં મ્યુનિ.કમિ. એમ.નાગરાજને આખરે મનપાના પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા છે. કમિ. દ્વારા રચાયેલી તપાસ સમિતિના વચગાળાના અહેવાલના આધારે વધુ નિષ્પક્ષ અને તલસ્પર્શી વિભાગીય તપાસના હેતુથી આ પાંચ અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયાનું કમિ. નાગરાજને જણાવ્યું હતું. કમિ. દ્વારા જેને સસ્પેન્ડ કરવામાં આવ્યા તે અધિકારીઓમાં કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિ, કાર્યપાલક ઈજનેર જયાંગ જીવનરામજીવાલા, ડેપ્યુટી ઈજનેર અર્પણ પરમાર, આસિસ્ટન્ટ ઈજનેર મોનિક ગઢીયા તથા જુનિયર ઈજનેર નરેશ ગલચરનો સમાવેશ થાય છે.

વેડદરવાજાના નાસીરનગરમાં ડિમોલીશન પ્રકરણમાં અસરગ્રસ્ત 26 લોકોએ ગુજરાત હાઈકોર્ટમાં

...અનુસંધાન પાના ૯ પર



## તપાસ સમિતિની મધરાત સુધી મથામણ છતાં પૂરતા પુરાવા નહીં મળતાં ખાતાકીય તપાસની ભલામણ

નાસીરનગર ડિમોલીશન પ્રકરણમાં ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સુરત મહાનગરપાલિકા તરફથી એડવોકેટ જનરલ દ્વારા જવાબ રજૂ કરવામાં આવ્યા બાદ મનપા કમિશનર એમ. નાગરાજન દ્વારા રચાયેલી છ સભ્યોની તપાસ સમિતિ છેલ્લા બે દિવસથી સતત તપાસમાં વ્યસ્ત રહી હતી. તપાસ દરમિયાન સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ આશિષ નાયક પાસેથી સ્પષ્ટ અભિપ્રાય અને અહેવાલ માંગવામાં આવ્યો હતો, પરંતુ તેમાં પણ સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ નહી હોવાથી નિષ્પક્ષ નિષ્કર્ષ સુધી પહોંચવા ખાતાકીય તપાસનું સૂચન કરવા ભલામણ કરવામાં આવી છે. હાઇકોર્ટમાં દાખલ સ્પેશિયલ સિવિલ

...અનુસંધાન પાના ૯ પર

### કોની સામે કાર્યવાહી થઇ ?

- કાર્યપાલક ઇજનેર (સિવિલ) જયાંગ જીવનરામજીવાલા
- કાર્યપાલક ઇજનેર (સિવિલ) સુજલ પ્રજાપતિ
- ડેપ્યુટી ઇજનેર (સિવિલ) અર્પણ પરમાર
- આસિસ્ટન્ટ ઇજનેર (સિવિલ) મોનિક ગઢીયા
- જુનિયર ઇજનેર (સિવિલ) નરેશ ગલચર

### બે-બે કાર્યપાલક ઈજનેર સસ્પેન્ડ થતાં સેન્ટ્રલ ઝોન ગાંજાવાલને અપાયો, આરડીડી મૌલિક રાવના હવાલે

સુરત: નાસીરનગરના ડિમોલિશન પ્રકરણમાં મ્યુનિ.કમિ. દ્વારા બે-બે કાર્યપાલક ઈજનેરને સસ્પેન્ડ કરી દેવામાં આવતાં ખાલી પડેલા હોદ્દાઓ પૈકી સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરનો હવાલો અફોર્ડેબલ હાઉસિંગ વિભાગના કાર્યપાલક ઈજનેર રાજેશકુમાર ગાંજાવાલાને સોંપવામાં આવ્યો હતો. જ્યારે

...અનુસંધાન પાના ૯ પર



લિંબાયતમાં સ્કૂલવાન ફસાતા વિદ્યાર્થીઓ ગભરાઇ ઊઠ્યા.

**ભ્રષ્ટાચારને કારણે ચોમાસાની શરૂઆતમાં બે જ દિવસમાં 6 ભુવા પડ્યા**

# વરસાદ અટક્યો પણ ભૂવા અટક્યા નહીં, સ્કૂલવાન અને બસ ફસાઈ

**ઉધનામાં** એસટી બસ ફસાતાં મુસાફરોને બીજી બસમાં રવાના કરવા પડ્યા

**લિંબાયતમાં** ફસાયેલી સ્કૂલવાનને કારણે વિદ્યાર્થીઓ હેરાન, બાદમાં વાનને ખાડામાંથી બહાર કઢાઈ

**સરથાણા**, ઉધના, લિંબાયત, અઠવા, રાંદેર ઝોનમાં પાણીની લાઇનો નાંખવાનું કામો કરતી 4 એજન્સીને નોટિસ

સુરતઃ સુરતમાં વરસાદનો વિલંબ થયો પરંતુ ભુવા પડવામાં વિલંબ થયો નથી. ઉધના ખાતે આવેલા બસ સ્ટેન્ડ પાસે થોડા સમય પુર્વે જ કરાયેલી ડ્રેનેજ લાઈનની કામગીરીમાં બાદમાં યોગ્ય રીતે પુરાણ નહીં કરી રસ્તો બનાવી દેવામાં આવતાં ત્યાં પડેલા ભુવામાં એસટી બસનું આગળનું ટાયર ફસાઈ ગયું હતું. ઘટનાને પગલે બસમાં સવાર મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ભારે જહેમત બાદ પણ બસ બહાર નહીં

...અનુસંધાન પાના ૯ પર



ઉધનામાં ભૂવો એવી રીતે પડ્યો કે મુસાફરોને બીજી બસમાં મોકલવા પડ્યા.

### રિપેરિંગ બાદ ફરી રસ્તા બેસતા પેનલ્ટી વસૂલાશે, પાણીના કામ કરતી 14 એજન્સીને આગોતરી નોટિસ

ચોમાસાની શરૂઆત સાથે જ સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં પાણીની લાઇનના ખોદકામ બાદ ભરાયેલા ટ્રેન્ચ બેસી જવાની ઘટનાઓ સામે આવતા સુરત મહાનગરપાલિકાની કામગીરી પર સવાલો ઊભા થયા છે. વારંવાર સૂચના આપવા છતાં કેટલાક કોન્ટ્રાક્ટરો દ્વારા બેદરકારી દાખવવામાં આવી હોવાનું ધ્યાનમાં આવતા મનપાના હાઇડ્રોલિક વિભાગે હવે કડક વલણ અપનાવ્યું છે. વિભાગ દ્વારા 14 વિવિધ કામ સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટરોને નોટિસ ફટકારી રસ્તા બેસી જશે તો પેનલ્ટી વસૂલવા કરવાની ચિમકી સાથે આગોતરી નોટિસ ફટકારી છે. મનપા દ્વારા શહેરમાં વર્ષો જૂની પાણીની લાઇનોનું નવીનીકરણ તેમજ નવા ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન જાહેર માર્ગો પર ખોદકામ કરવું પડતું હોવાથી પાઇપલાઇન નાખ્યા બાદ માટી પુરાણ, વોટરિંગ અને ત્યારબાદ રોડ રિ-ઇન્સ્ટેટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.ચોમાસા

...અનુસંધાન પાના ૯ પર

### કઇ એજન્સીને નોટિસ ફટકારાઇ

- શ્રી હિન્દુસ્તાન ફેબ્રીકેટર્સ (ઉધના ઝોન)
- એસ.વી.આર કન્સ્ટ્રક્શન કંપની (રાંદેર)
- પી.દાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિમિટેડ (સરથાણા ઝોન)
- એ.વિ.પટેલ (અઠવા ઝોન)

**રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય થઈ ગઈ, મેઘો પૂરજોશમાં**

# દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદનું સંકટ, રેડ એલર્ટ જાહેર

**રાજ્યના** 85 તાલુકાઓમાં વરસાદ નોંધાયો, રાજ્યના તાપમાનમાં એકસાથે 4 ડિગ્રીનો ઘટાડો

ગાંધીનગરઃ ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું વધુ સક્રિય બનતા દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના અનેક વિસ્તારોમાં

...અનુસંધાન પાના ૯ પર

### અતિભારે વરસાદ માટે તમામ પોલીસ મથકો તૈયાર રહે: સરકારનો આદેશ, રાજ્યમાં SDRFના ૧,૦૩૬ જવાન તૈનાત કરાયા

ગાંધીનગરઃ રાજ્યમાં ચોમાસાની સંભવિત ભારે વરસાદની સ્થિતિ , વરસાદનું રેડ એલર્ટ અને પૂર જેવી કુદરતી આપત્તિઓને પહોંચી વળવા ગુજરાત પોલીસે પૂર્વ તૈયારીઓ વધુ સઘન બનાવી છે. રાજ્યના પોલીસ વડાની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્યવ્યાપી સમીક્ષા બેઠકમાં સંવેદનશીલ વિસ્તારોમાં સ્ટેટ ડિઝાસ્ટર રેકસ્યૂ ફોર્સ (SDRF)ની ૧૧ કંપનીઓના કુલ ૧,૦૩૬ જવાનોને અગાઉથી જ તહેનાત કરવાની સાથે તમામ પોલીસ મથકોને વાયરલેસ સંચાર વ્યવસ્થા સજ્જ રાખવા, જનરેટર માટે પૂરતું ઈંધણ ઉપલબ્ધ રાખવા અને

...અનુસંધાન પાના ૯ પર

### સુરત શહેરમાં સૌથી વધુ ઉધનામાં 39 મીમી વરસાદ પડ્યો

સુરત : સુરતમાં બુધવારે પણ વરસાદ ચાલુ રહ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ મનપાના ઉધના ઝોનમાં 29 મીમી નોંધાયો હતો. જ્યારે અન્ય ઝોનમાં વરસાદનું પ્રમાણ નહિવત્ત જેટલું રહ્યું હતું.

### કયા ઝોનમાં કેટલો વરસાદ પડ્યો?

| ઝોન | વરસાદ (મીમીમા) | ઝોન | વરસાદ (મીમીમા) |
|---|---|---|---|
| સેન્ટ્રલ | 06 | વરાછા એ | 02 |
| રાંદેર | 00 | વરાછા બી | 02 |
| કતારગામ | 02 | લિંબાયત | 05 |
| | | અઠવા | 00 |
| | | ઉધના | 29 |

### સુરત જિલ્લામાં સૌથી વધુ ઓલપાડ તાલુકામાં 39 મીમી વરસાદ

સુરતઃ સુરત જિલ્લામાં માંડવી, મહુવા અને અંબિકા તાલુકાને બાદ કરતાં તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ ઓલપાડ તાલુકામાં 39 મીમી નોંધાયો હતો.

...અનુસંધાન પાના ૯ પર

### જિલ્લામાં પડેલા વરસાદની માહિતી

| તાલુકા | વરસાદ (મીમી) | તાલુકા | વરસાદ (મીમી) |
|---|---|---|---|
| ઓલપાડ | 39 | ચોર્યાસી | 07 |
| માંગરોલ | 00 | પલસાણા | 33 |
| ઉમરપાડા | 14 | બારડોલી | 13 |
| માંડવી | 00 | મહુવા | 00 |
| કામરેજ | 28 | અરેઠ | 05 |
| | | અંબિકા | 00 |

# દ.ગુ.માં વાપીમાં બે કલાકમાં 4 ઈંચ, હાંસોટમાં 5.25 ઈંચ વરસાદ

**અંકલેશ્વરમાં** ચાર મીમી વરસાદ ખાબક્યો, ઉમરગામમાં 10 કલાકમાં 4 ઈંચ પાણી વરસ્યું

સુરતઃ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર શરૂઆત કરતાં ઠેર ઠેર પાણી ભરાવાના દ્રશ્યો સામે આવ્યા હતા. જેમાં વાપીમાં બુધવારની સવારના બે કલાકમાં જ બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. વાપીમાં છેલ્લા 24 કલાકમાં 7 ઈંચથી વધુ પાણી વરસ્યું હતું. જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાતા ટ્રાફિક વ્યવહાર ખોરવાયો હતો. જ્યારે ઉમરગામમાં 10 કલાકમાં 4 ઈંચ વરસાદ પડ્યો હતો. નવસારી જિલ્લામાં પણ મેઘરાજાની મહેર વરસી હતી. ડાંગ જિલ્લામાં સાપુતારા સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ જામતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. સંઘપ્રદેશ દમણમાં છેલ્લા 24 કલાકમાં 6 ઈંચથી વધુનો વરસાદ ખાબક્યો હતો. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહીના પગલે તંત્ર દ્વારા સતર્કતાના પગલાં હાથ ધરવામાં આવ્યા છે.

ભરૂચ જિલ્લામાં ચોવીસ કલાકમાં હાંસોટમાં સવા પાંચ ઈંચ અને અંકલેશ્વરમાં ચાર મીમી વરસાદ ખાબક્યો છે. ભરૂચ શહેરમાં ૨ ઈંચ વરસાદથી કસક ગરનાળા પાસે પાણી ભરાતાં ટ્રાફિક જામ થયો હતો. ભરૂચ શહેરના આલી માતરિયા તળાવ નજીક નિર્માણાધીન

...અનુસંધાન પાના ૯ પર

### છેલ્લા 24 કલાકનો વરસાદ

| | |
|---|---|
| વાપી | 7.25 ઈંચ |
| દમણ | 6.62 ઈંચ |
| હાંસોટ | 5.25 ઈંચ |
| અંકલેશ્વર | 4 ઈંચ |
| ઉમરગામ | 4.45 ઈંચ |
| નવસારી | 3.25 ઈંચ |
| ખેરગામ | 3.25 ઈંચ |
| વાંસદા | 2.25 ઈંચ |
| બારડોલી | 2 ઈંચ |
| વલસાડ | 2.00 ઈંચ |
| સાપુતારા | 1.96 ઈંચ |
| જલાલપોર | 1.75 ઈંચ |
| સુબિર | 1.44 ઈંચ |
| વઘઇ | 1.44 ઈંચ |
| ચીખલી | 1.00 ઈંચ |

# સુરતથી દુબઈની ફ્લાઈટ ફરી ઓગસ્ટમાં શરૂ થશે, બુકિંગ શરૂ

**બુધવાર**, ગુરુવાર અને શનિવારે અઠવાડિયામાં ત્રણ દિવસ સેવા ઉપલબ્ધ રહેશે

**હીરા**-ટેક્સટાઇલ ઉદ્યોગ અને એનઆરઆઇ મુસાફરોને મળશે મોટી રાહત



સુરતઃ સુરત અને દુબઈ વચ્ચે હવાઈ મુસાફરી કરનારા વેપારીઓ, ઉદ્યોગકારો તેમજ એનઆરઆઈ મુસાફરો માટે સારા સમાચાર સામે આવ્યા છે. ઈન્ડિગો એરલાઈન્સે સુરત-દુબઈ-સુરત (STV-DXB-STV) રૂટ પર ફરીથી બુકિંગ શરૂ કરી દીધું છે. નવી વ્યવસ્થા મુજબ આગામી 5 ઓગસ્ટથી આ ફ્લાઈટનું સંચાલન અઠવાડિયામાં ત્રણ દિવસ - બુધવાર, ગુરુવાર અને શનિવાર કરવામાં આવશે.

અગાઉ આ રૂટ પર સેવા બંધ થતાં સુરતથી દુબઈ જવા ઈચ્છતા મુસાફરોને અમદાવાદ અથવા મુંબઈ જેવા એરપોર્ટનો સહારો લેવો પડતો હતો. હવે ઈન્ડિગોએ ફરી બુકિંગ શરૂ કરતાં દક્ષિણ ગુજરાતના વેપારીઓ અને પ્રવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરત દેશના અગ્રણી હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગનું કેન્દ્ર હોવાથી દુબઈ સાથે વ્યાપારી અવરજવર સતત રહે છે. ઉપરાંત મોટી સંખ્યામાં એનઆરઆઈ ગુજરાતી પરિવારો અને પ્રવાસીઓ પણ આ રૂટનો ઉપયોગ કરતા હોવાથી સીધી ફ્લાઈટની માંગ લાંબા સમયથી કરવામાં આવી રહી હતી. અઠવાડિયામાં ત્રણ દિવસ સેવા શરૂ થવાથી મુસાફરોનો સમય અને ખર્ચ બંનેમાં બચત થશે તેમજ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટની કનેક્ટિવિટીને પણ વધુ મજબૂતી મળશે. જો મુસાફરોનો સારો પ્રતિસાદ મળશે તો ભવિષ્યમાં ફ્લાઈટની આવર્તન વધારવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ફાર્મા કંપનીના ખર્ચે વિદેશ ફરનાર ડો. જગદીશ સખીયાનું લાઈસન્સ સસ્પેન્ડ

**સખીયા** ક્લિનિકના નામથી ચેઈન ધરાવતા ડો. જગદીશ સખીયા ફાર્મા કંપનીના ખર્ચે પેરિસની કોન્ફરન્સમાં ભાગ લેવા ગયા હતા

**તબીબો** આવી રીતે કોઈ જ લાભ સ્વીકારી શકતા નહીં હોવાથી ગુજરાત મેડિકલ કાઉન્સિલની કાર્યવાહી

સુરતઃ ગુજરાત મેડિકલ કાઉન્સિલે મેડિકલ એથિક્સના નિયમોના ભંગ બદલ સુરતના જાણીતા સ્કિન સ્પેશિયાલિસ્ટ અને સખીયા ક્લિનિકના ફાઉન્ડર ડૉ. જગદીશ સખિયાનું ડોકટર તરીકેનું લાયસન્સ 13 મહિના માટે સસ્પેન્ડ કરી દીધું છે.

ગુજરાત મેડિકલ કાઉન્સિલના જણાવ્યા મુજબ, વર્ષ 2014 અને 2024 દરમિયાન પેરિસમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય મેડિકલ પરિષદમાં હાજરી આપવા દરમિયાન તેમના પ્રવાસ, રહેવા અને ભોજન સહિતનો ખર્ચ એબ્બી હેલ્થકેર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ નામની બાયોટેક કંપનીએ ઉઠાવ્યો હતો.

કાઉન્સિલે તેને મેડિકલ એથિક્સ અને વ્યાવસાયિક આચારસંહિતાનો ભંગ ગણાવ્યો છે. નિયમો અનુસાર કોઈ પણ ફાર્માસ્યુટિકલ અથવા બાયોટેક કંપની પાસેથી ડૉક્ટરો વિદેશ પ્રવાસ, ભેટ, આતિથ્ય કે અન્ય કોઈપણ પ્રકારનો આર્થિક લાભ સ્વીકારી શકતા નથી.

આવા લાભોથી સારવાર અને દવાઓ અંગેના વ્યાવસાયિક નિર્ણયો પ્રભાવિત થવાની શક્યતા રહેતી હોવાથી આ પ્રકારની પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

...અનુસંધાન પાના ૯ પર



### કાઉન્સિલના નિયમો મુજબ ફરીથી રજિસ્ટ્રેશન મેળવવું પડશે

કાઉન્સિલની કાર્યવાહી અંતર્ગત ત્રણેય ડોક્ટરોનું મેડિકલ રજિસ્ટ્રેશન 13 મહિના માટે સ્થગિત કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન તેઓ કોઈપણ પ્રકારની મેડિકલ પ્રેક્ટિસ કરી શકશે નહીં, પ્રિસ્ક્રિપ્શન લખી શકશે નહીં અથવા નોંધાયેલા તબીબ તરીકેની સત્તાનો ઉપયોગ પણ કરી શકશે નહીં. સસ્પેન્શનનો સમય પૂર્ણ થયા બાદ તેઓ કાઉન્સિલના નિયમો મુજબ ફરીથી રજિસ્ટ્રેશન મેળવી પ્રેક્ટિસ શરૂ કરી શકશે.

# નર્મદ યુનિવર્સિટીમાં હવે બી.કોમ સાથે કાયદાનો અભ્યાસ એકસાથે


**પાંચ** વર્ષીય ઇન્ટિગ્રેટેડ કોર્સને બીસીઆઇની મંજૂરી

**શૈક્ષણિક** વર્ષ ૨૦૨૬-૨૭થી બી.કોમ. એલએલબી (ઓનર્સ) શરૂ થશે

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કાયદા વિભાગને શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી પાંચ વર્ષીય ઈન્ટિગ્રેટેડ બી.કોમ એલએલબી (ઓનર્સ) અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી મળતાં હવે દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓને વાણિજ્ય અને કાયદાનું સંયુક્ત શિક્ષણ પોતાના શહેરમાં જ મેળવવાની નવી તક ઉપલબ્ધ બનશે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીસીઆઈ) દ્વારા આ અભ્યાસક્રમને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે.

બીસીઆઈની મંજૂરી બાદ યુનિવર્સિટી દ્વારા આ કોર્સ માટેની પ્રવેશ પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. પ્રવેશ સંબંધિત કાર્યક્રમ, અરજીની તારીખો અને અન્ય માર્ગદર્શિકા ગુજરાત કોમન એડમિશન સર્વિસ (જી-કાસ) પોર્ટલ તેમજ યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. જેના કારણે કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓમાં પણ કાયદાના ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે નવી આશા જાગી છે. બી.કોમ એલએલબી (ઓનર્સ) એ પાંચ વર્ષનો ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ છે, જેમાં વાણિજ્ય અને કાયદા બંને વિષયોનું સમન્વય કરવામાં આવ્યો છે. આ કોર્સ વિદ્યાર્થીઓને વ્યાપારિક કાયદા, કોર્પોરેટ કાયદા, નાણાકીય વ્યવસ્થાપન અને કાનૂની વ્યવહારની વ્યવહારુ સમજ સાથે વ્યાવસાયિક કૌશલ્ય પણ પ્રદાન કરશે.

...અનુસંધાન પાના ૯ પર



દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
ક્ષણે ક્ષણે એક એક ક્ષણને યાદ કરીએ છીએ,
જયારે આપ હતા અમારી જોડે, હવે ક્ષણે ક્ષણે દરેક ક્ષણનો
ખાલીપો અનુભવીએ છીએ જયારે તમે નથી અમારી વચ્ચે.
પરિવાર માટેની તમારી અપાર મમતા
અને બધી યાદો સાચવી છે અમે અમારા હૈયામાં.
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. વિમલભાઈ નરસિંહભાઈ પટેલ
સ્વ. તા. ૦૨-૦૭-૨૦૧૬
લિ.
નરસિંહભાઈ મંછુભાઈ પટેલ (મુળ ગામ દામકા, તા. ચોર્યાસી)
ગં.સ્વ. મનીષાબેન વિમલભાઈ પટેલ
માર્ગી | નિસર્ગ
૫૧/એ, ગણેશપાર્ક સોસાયટી, સરદારપુલ પાસે, અડાજણ, સુરત.


આઠમી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
અમારા બધા પ્રત્યે પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા
વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર
આપને અમો નતઃ મસ્તકે હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલી
અર્પણ કરીએ છીએ.
પ્રભુ તમારા આત્માને પરમ શાંતિ અર્પે....
સ્વ. શાંતિલાલ ઉર્ફે શાન્તુભાઈ નારણભાઈ પટેલ (માજી સરપંચ)
જન્મ તા. ૦૪.૦૧.૧૯૬૯
સ્વ.તા. ૦૨.૧૧.૨૦૨૫
લિ
શ્રી વામનભાઈ સુખાભાઈ ઉર્ફે નારણભાઈ પટેલ
શ્રી જયકુમાર વામનભાઈ પટેલ
શ્રી હર્ષકુમાર વામનભાઈ પટેલ
શ્રી ધ્રુવિલકુમાર શાંન્તુભાઈ પટેલ
શ્રી શીવકુમાર ઈશ્વરભાઈ પટેલ
(ઓમ, શિવ, ટિયા, ઉર્જા)
નિવાસસ્થાન : ૩, પટેલ ફળીયુ, વડોદ ગામ, ભેસ્તાન, સુરત.


છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ
સ્વ. અરવિંદલાલ ચીમનલાલ ગરૂડા
જન્મ તા. ૨૪/૦૧/૧૯૪૨
સ્વ. તા. ૦૨/૦૭/૨૦૨૦
એક ચહેરો જે દ્રષ્ટિમાંથી ભુસાય નહી, એક વ્યકિતત્વ જે ક્યારેય
વિસરાય નહી, એક હુંફ જે કયારેક મળે, હવે મળે નહી, જેમનું નામ
હૃદયમાં અનંત ગુંજ્યા કરે, અને ફુલ બની આસપાસ મહેંક્યા કરે,
પુણ્યશાળી આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લિ. સ્વ. દયાગૌરી અરવિંદલાલ ગરૂડા
દેવેન્દ્ર અરવિંદલાલ ગરૂડા | વિવેક દેવેન્દ્ર ગરૂડા
નિમિષા દેવેન્દ્ર ગરૂડા | રિયા વિવેક ગરૂડા
પ્રિત દેવેન્દ્ર ગરૂડા


Innocent, Emotional,Pure
ANUPAMA
(Anupama's Beauty Parlour)
Govt. of India's Patent Holder
IS NO MORE.
★ (Daughter of
Sanjay & Bhavna Hajirawala
Anita's Sister)

અવસાન/શ્રદ્ધાંજલિની
જાહેરાત ઘર બેઠા આપવા માટે
સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર


સુરતી મોઢ વણિક અવસાન-ભાવભીની શ્રદ્ધાંજલિ
આપના ઉત્તમ જીવન મૂલ્યો, સેવા, સમર્પણ,
માયાળુ સ્વભાવ, ઉદાર દિલ, સદાય
અમારા હૃદયમાં જીવંત રહેશે
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના
સ્વ.મણીલાલ નગીનદાસ મહેતા (પાંઉવાલા) ઘાંચીશેરી
શ્રદ્ધાંજલિ આપનાર
યોગેશકુમાર ગાંધી (જમાઈ) તેજલબેન ગાંધી (પુત્રી)
શશીનકુમાર બોડીવાલા (જમાઈ) રેશ્માબેન બોડીવાલા (પુત્રી)
દ્રુપદકુમાર હજારી (જમાઈ) કવિતા હજારી (પુત્રી)
સ્વ. નીરવકુમાર ખાટીવાલા (જમાઈ) પૂનમ ખાટીવાલા (પુત્રી)
અવની, દ્રીમલ, ઇશા, જહાન (પૌત્રી -પૌત્ર)
9265779066